

## કણબીપીઠા પાસે કાર અને બાઈક અથડાતાં ચારનાં મોત

**ઇકો** કારચાલક સામે પોલીસ ફરિયાદ

ડેડિયાપાડાઃ ડેડિયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગંગાપુર રોડ પર કણપીઠા-ત્રણ રસ્તા પાસે અકસ્માતમાં ચાર જણાંનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે એક કિશોરીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસને આપેલી ફરિયાદ મુજબ તા.1/4/2026ના રોજ સાંજે પાંચેક વાગ્યાના અરસામાં કણપીઠા-ત્રણ રસ્તાના ગંગાપુર જતા ગરનાળા પાસે હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાથુભાઇ ગોનજીભાઇ વળવી (રહે.,કુકરમુંડા, જિ.તાપી) ઈકો કાર નં.(GJ-26-AE-6559) રોડની રોંગ સાઇડમાં પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવીને સામેથી આવતી પેસેન્જર પ્રો મોટરસાઇકલને ટક્કર મારી હતી. અકસ્માતમાં મોટરસાઇકલ પર સવાર હાવલાભાઇ હશિયાભાઇ વસાવા (ઉં.વ.67), બાજુબેન (ઉં.વ.40), દોઢ વર્ષનો માસૂમ બાળક વીર સુનીલભાઇ વસાવા અને સુહાનીબેન રાકેશભાઇ વસાવા (ઉં.વ.15 વર્ષ 5 માસ) ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આથી હાવલાભાઇ, બાજુબેન અને વીરનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે સુહાનીબેનનું રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ અકસ્માતમાં ઓલગામના સંજયભાઇ હાવલાભાઇ વસાવાએ ડેડિયાપાડા પોલીસમાં ફરિયાદ આપતાં ઈકો કાર ચાલક સામે એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી આદરી છે.

## અંકલેશ્વરમાં અંગ દઝાડતી ગરમી વચ્ચે ઉદ્યોગોમાં બરફની માંગ વધી

**પારો** 36 ડિગ્રી પાર પહોંચી જતાં બરફની માંગમાં વધારો થયો

**કેમિકલ** પ્લાન્ટથી લઈ ઠંડા પાણીના સ્ટોલ સુધી વપરાશ વધ્યો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લામાં ગરમીનો પારો સરેરાશ 36 ડિગ્રી આસપાસ પહોંચતાં અંકલેશ્વર પંથકમાં ઉનાળાની તીવ્ર અસર અનુભવાઈ રહી છે. વધતી ગરમી વચ્ચે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં બરફની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે અને આગામી દિવસોમાં બરફની કટોકટી સર્જાય તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

એપ્રિલ મહિનાની શરૂઆતથી જ જાણે સૂર્યદેવ અગનગોળા વરસાવી રહ્યા હોય તેમ ગરમી સતત વધી રહી છે. અંગ દઝાડતી ગરમીને કારણે લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ ગરમી વધતાં ઔદ્યોગિક તેમજ શહેર સ્તરે બરફની માંગમાં વધારો નોંધાયો છે. અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ૧૫૦૦થી વધુ નાનાં-મોટાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે. ફાર્મા, ડાઈઝ અને ઈન્ટરમીડિયેટ સહિતના કેમિકલ પ્લાન્ટ્સમાં જ્વલનશીલ કેમિકલનું તાપમાન નિયંત્રિત રાખવા બરફનો વ્યાપક ઉપયોગ થતો હોય છે. ગરમી વધતાં આ પ્લાન્ટોમાં બરફની માંગ વધુ થઈ છે. ઉપરાંત શહેરમાં ઊભા થતા ઠંડા પાણી અને શરબતના સ્ટોલમાં પણ બરફનો વપરાશ વધતાં બજારમાં તેજીનો માહોલ સર્જાયો છે.

ગત વર્ષોની તુલનામાં હવે અનેક કેમિકલ એકમો ચીલિંગ પ્લાન્ટ તરફ વળતા બરફના ઉદ્યોગ પર તેની અસર જોવા મળી રહી છે. લગભગ 10થી 15 વર્ષ પહેલા ઉનાળામાં વધતી માંગને પહોંચી વળવા બરફ ફેક્ટરીના સંચાલકો સુરત અને ભરૂચથી બરફ મંગાવતા હતા, પરંતુ હાલ ઉદ્યોગ ક્ષેત્રમાં આવેલી મંદીની અસરથી પરિસ્થિતિ બદલાઈ છે. બરફના વ્યવસાય સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓના જણાવ્યા મુજબ દર વર્ષે ઉનાળામાં બરફની માંગ વધે છે, પરંતુ વધતા તાપમાનને કારણે ઉત્પાદન પ્રક્રિયા પર અસર પડે છે. ઉપરાંત ઉનાળામાં વારંવાર થતા વીજ કાપ પણ બરફ ઉદ્યોગ માટે પડકારરૂપ બની રહ્યા છે. એક અંદાજ મુજબ અંકલેશ્વર-પાનોલી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી આશરે 20 બરફ ફેક્ટરીમાંથી રોજના લગભગ 5 હજાર ટન જેટલો બરફ ઉત્પાદન કરવામાં આવે છે. આગામી દિવસોમાં ગરમીનો પારો વધુ ચઢે તો બરફના વેપારમાં વધુ તેજી જોવા મળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.



## ભરૂચમાં 'જર્જરિત'ના નામે 'મજબૂત' દુકાનો તોડી પાડી

**રોયલ** કોમ્પ્લેક્સની દુકાનો તોડવામાં આવતાં કલેક્ટરને આવેદન

ભરૂચઃ ભરૂચ શહેરના વોર્ડ નં.૪માં આવેલા રોયલ કોમ્પ્લેક્સના તોડકામે નવો વિવાદ ઊભો કર્યો છે. નગરપાલિકા દ્વારા કોમ્પ્લેક્સનો જર્જરિત ઉપરનો ભાગ હટાવવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ આ કાર્યવાહી દરમિયાન ગ્રાઉન્ડ ફ્લોરની મજબૂત દુકાનો પણ તોડી પડાઈ હોવાના આક્ષેપ સાથે અસરગ્રસ્ત વેપારીઓએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે.

'રજનીગંધા એપાર્ટમેન્ટ બ્લોક એ' તરીકે ઓળખાતા આ કોમ્પ્લેક્સની ઉપરની માળખું જર્જરિત હાલતમાં હોવાથી નગરપાલિકાએ તેને હટાવવાનો નિર્ણય કર્યો હતો. જો કે, દુકાનદારોનો આક્ષેપ છે કે, કોન્ટ્રાક્ટરે રજાના દિવસે તકનો લાભ લઈને માત્ર જર્જરિત ભાગ જ નહીં, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી મજબૂત અને સંપૂર્ણ સુરક્ષિત દુકાનો પણ કોઈ પૂર્વ સૂચના વિના તોડી પાડી છે.

વેપારીઓએ આ કાર્યવાહીને ગેરકાયદે અને અન્યાયપૂર્ણ ઠરાવતાં તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. તેમણે કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં ત્રણ મુખ્ય માંગણીઓ કરી છે કે, કાર્યવાહીને માત્ર જર્જરિત ભાગ સુધી મર્યાદિત રાખવામાં આવે. તોડી પડાયેલી દુકાનોને થયેલા આર્થિક નુકસાનની યોગ્ય ભરપાઈ કરવામાં આવે અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ભરૂચ નગરપાલિકાના સિટી એન્જિનિયર જયેશ સોનાગરાએ જણાવ્યું હતું કે, સમગ્ર કોમ્પ્લેક્સનો જર્જરિત ભાગ ઉતારી લેવા માટે ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું. નીચેની દુકાનો સારી હાલતમાં હોવાનું સ્ટેબિલિટી સર્ટિફિકેટ આપવા જે-તે દુકાનદારોને જણાવી દેવામાં આવ્યું હતું. જો કે, હાલમાં આ મામલે સ્થાનિક વેપારી મંડળોમાં પણ રોષ વ્યાપી રહ્યો છે અને કલેક્ટર દ્વારા આ બાબતે ઝડપી કાર્યવાહીની અપેક્ષા છે.

## કોસંબા રેલવે સ્ટેશને પંખા બંધ રહેતાં મુસાફરો પરસેવે રેબઝેબ

**રોજિંદા** મુસાફરોએ મૌખિક રજૂઆત કરી તો સરખો જવાબ પણ ન મળ્યો



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ એક તરફ ઉનાળાની આકરી ગરમી પડી રહી છે જ્યારે બીજી તરફ કોસંબા રેલવે સ્ટેશન ને મુકાયેલા પંખા છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં શોભના ગાંઠિયા સમાન રહેતા મુસાફરો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. આ બાબતે રોજિંદી મુસાફરા કરતા મુસાફરોએ મૌખિક રજૂઆત કરતાં કોસંબા રેલવે સ્ટેશનથી ઉડાવ જવાબ આપી હાથ ઊંચા કરતા મુસાફરોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે.

કોસંબા રેલવે સ્ટેશન જંક્શન રેલવે સ્ટેશન ધરાવે છે. ઔદ્યોગિક એકમ ધરાવતા કોસંબા રેલવે સ્ટેશનથી મુંબઈથી અમદાવાદ, વલસાડ, વડોદરા, સુરત, ભરૂચ જેવાં અનેક સ્થળોએ રોજિંદા મુસાફરો નોકરી ધંધાર્થે આવ-જા કરવા માટે કોસંબા રેલવે સ્ટેશનથી ટ્રેન પકડે છે. આ રેલવે સ્ટેશને ટ્રેન આવે તે પહેલાં ગામડાંમાંથી જનતા કલાક પહેલા આવી જાય છે અને રેલવે સ્ટેશનને બાકડા પર બેસેલા જોવા મળે છે. પરંતુ મુસાફરોની સુવિધા માટે મૂકવામાં આવેલા પંખા છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં રહેતા હોવાથી મુસાફરો હાલની ઉનાળાની આકરી ગરમીમાં ભારે પરેશાની ભોગવી રહ્યા છે. દર મહિને લાખો રૂપિયાની રેલવે તંત્રને કમાણી કરી આપતા આ કોસંબા રેલવે સ્ટેશને રોજિંદા મુસાફરોને નવી નવી સુવિધા આપણને બદલે જે સુવિધા આપવામાં આવી છે તેમાં પણ તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં નહીં આવતાં મુસાફરોમાં આક્રોશ જોવા મળ્યો છે. રોજિંદા મુસાફરી કરતા મહિલા તેમજ ખુદ રેલવે તંત્ર સલાહકાર સમિતિના સભ્ય બળવંતભાઈ પંચાલ દ્વારા કોસંબા રેલવે સ્ટેશનના અધિકારીઓને રજૂઆત કરાતાં તંત્રએ ઉડાવ જવાબ આપતાં આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

### જરૂરી પંખા માટે પણ રજૂઆત કરવી પડે એ તંત્ર માટે નાલેશીભર્યું ગણાયઃ બળવંત પંચાલ

બંધ પડેલા પંખા ઉનાળાની ગરમીમાં મુસાફરો ગરમીમાં નહીં શેકાય તેનું ધ્યાન તંત્ર એ જ રાખવું જોઈએ. પરંતુ જો એક પંખા બાબતે પણ મુસાફરોએ તેમજ અન્ય લોકોએ રજૂઆત કરવી પડે એ બાબત તંત્ર માટે ખરેખર નાલેશીભર્યું ગણાય તેવું રેલવે સમિતિના સભ્ય બળવંતભાઈ પંચાલે વાતચીતમાં જણાવ્યું હતું.

## પલસાણાના માખીંગામાં ટ્રકની કેબિનમાંથી ગૌમાંસ ઝડપાયું

**૧.૫ કિલો** માંસ સાથે યુપીના ચાલકની અટકાયત

પલસાણા : પલસાણા પોલીસ સ્ટેશનની ટીમે માખીંગા ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલી ભાગ્યશ્રી વેરહાઉસિંગના ગેટ પાસે શંકાસ્પદ માંસના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં અશોક લેલન કંપનીની ટ્રક નંબર GJ.01. LT.9612ની તપાસ કરતા તેની કેબિનમાંથી સ્ટીલની તપેલીમાં રાખેલ આશરે ૧.૫૦૦ ગ્રામ રાંધેલું શંકાસ્પદ માંસ મળી આવ્યું હતું.

આ મામલે પલસાણા પોલીસે મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના ખરવઈ ગામના રહેવાસી અને હાલ ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ૨૨ વર્ષીય મોહંમદ કેફ મોહંમદ અકરમ કુરેશીની અટકાયત કરી છે. પોલીસે તેની પાસેથી અંદાજે ૩૦૦ રૂપિયાની કિંમતનું શંકાસ્પદ માંસ અને ૧૦૦૦ રૂપિયાની રોકડ રકમ મળી કુલ ૧૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ માંસ તેણે ઉનપાટિયા પાસે આવેલી એક અજાણી દુકાનેથી મેળવ્યું હતું. હાલમાં પોલીસે આ માંસ કયા પશુનું છે તે જાણવા માટે એફ.એસ.એલ.ની મદદ અને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## કોમર્શિયલ ગેસ બોટલની ઘટથી અંકલેશ્વરમાં હોટલોને અસર

**વેપારીઓ** લાકડાં-કોલસાની સગડી વાપરવા મજબૂર

**કાળાબજારી** સામે કાર્યવાહી કરવાની માંગ

અંકલેશ્વરઃ પ્રવર્તમાન ગેસ અછતની પરિસ્થિતિ વચ્ચે કોમર્શિયલ ગેસ સિલિન્ડર સમયસર ઉપલબ્ધ ન થતાં ખાદ્ય ચીજવસ્તુઓ બનાવતા વેપારી વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ફરસાણ, મીઠાઈ તેમજ વિવિધ ખાદ્ય સામગ્રીઓ તૈયાર કરતા નાના અને મધ્યમ વેપારીઓ માટે રોજિંદો વ્યવસાય જાળવવો મુશ્કેલ બન્યો છે.

વેપારીઓના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર મેળવવા માટે ગેસ એજન્સીઓનાં ચક્કર કાપવા છતાં પૂરતો જથ્થો મળતો નથી. પરિણામે બજારમાં ગેસ સિલિન્ડરની કાળાબજારી વધતી જોવા મળી રહી છે. હાલ 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ કાળાબજારમાં અંદાજે રૂ.5 હજાર સુધી પહોંચ્યો હોવાનો વેપારીઓએ આક્ષેપ કર્યો છે.

ગેસ ન મળતાં અનેક વેપારીઓએ ફરીથી લાકડાં અથવા કોલસાની સગડીનો સહારો લેવો પડી રહ્યો છે, જેના કારણે ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે તેમજ ધુમાડા અને પ્રદૂષણની સમસ્યા પણ ઊભી થઈ રહી છે. ગેસ આધારિત વ્યવસાય ચલાવતા નાના વેપારીઓ માટે આ સ્થિતિ આર્થિક રીતે નુકસાનકારક સાબિત થઈ રહી છે.

વેપારીઓએ જિલ્લા પુરવઠા વિભાગ સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠાવી છે. ગેસ અછતની સમસ્યા લાંબા સમય સુધી યથાવત્ રહે તો ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના સીધા પ્રભાવ ગ્રાહકો પર પણ પડી શકે છે.

### અંકલેશ્વરના ગોલ્ડન પોઇન્ટ ખાતે આધુનિક એલઈડી ડિસ્પ્લે સ્ક્રીનનું લોકાર્પણ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં આવેલા ગોલ્ડન પોઇન્ટ ખાતે આધુનિક એલઈડી ડિસ્પ્લે સ્ક્રીનનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉદ્યોગ વિસ્તારને વધુ આધુનિક અને સુવિધાસભર બનાવવા દિશામાં આ પહેલ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. એલઈડી ડિસ્પ્લે સ્ક્રીન મારફતે જરૂરી માહિતી, જાહેર સૂચનાઓ તથા વિવિધ જાહેરાતો ઉદ્યોગકારો અને નાગરિકો સુધી ઝડપી અને સરળ રીતે પહોંચાડી શકાશે. સાથે જ આ પહેલથી ડિજિટલ સુવિધાઓ વધુ મજબૂત બનશે.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## ભરૂચ જિલ્લામાં 10.86 લાખ મતદાર મતદાન કરશે

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી-2026 માટે તૈયારીઓ પૂર્ણ

ભરૂચઃ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ ભરૂચ જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ થઈ ગયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ગૌરાંગ મકવાણાએ શુક્રવારે જણાવ્યું હતું કે, ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી મકવાણાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લામાં તા.26મી એપ્રિલ-2026ના રોજ મતદાન યોજાશે. જ્યારે તા.28મી એપ્રિલ 2026ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. ચૂંટણીનું જાહેરનામું તા.6મી એપ્રિલ-2026ના રોજ બહાર પડશે, જ્યારે તા.11મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થયે તા. 1/4/2026થી જ સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. જિ.પં., તા.પં. અને નગર પાલિકાઓની બેઠકોની વિગતો આપતાં મકવાણાએ જણાવ્યું હતું કે, જિલ્લાની 9 તાલુકા પંચાયતની 182 બેઠક અને જિલ્લા પંચાયતની 34 બેઠક માટે કુલ 1134 મતદાન મથક બનાવાયાં છે. પંચાયત સ્તરે કુલ 8,67,518 મતદાર નોંધાયા છે, જેમાં 4,43,966 પુરુષ, 4,23,533 સ્ત્રીઓ અને 19 અન્ય મતદારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લાની ચાર નગરપાલિકા ભરૂચ, અંકલેશ્વર, જંબુસર અને આમોદ માટે 33 વોર્ડની 132 બેઠક પર ચૂંટણી યોજાશે. નગરપાલિકા વિસ્તારોમાં 219 મતદાન મથક ખાતે 2,19,004 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આમ, જિલ્લા અને તાલુકા પંચાયતની 216 અને 4 નગરપાલિકા મળી તમામ બેઠકો મળીને અંદાજે 10.86 લાખથી વધુ મતદારો મતદાન કરશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારાના ટીચકપુરા પાસે ગેરકાયદે ભેંસો લઈ જતી ટ્રક પકડાઇ

વ્યારા: ગત તા.1-4-2026 ના રોજ રાત્રિના 11 વાગ્યાના અરસામાં બાજીપુરા તરફથી એક બંધ બોડીની ટ્રક નં.(GJ 27 TG 9711)માં ગેરકાયદે રીતે ભેંસો ભરીને સોનગઢ તરફ આવતી હોવાની જાણ બારડોલીના જગદીશ ભરવાડ નામના શખ્સે 112 ઇમરજન્સી નંબર પરથી કરતાં વ્યારા 112ના ઇનચાર્જ પોલીસ દ્વારા ટીચકપુરા ગામે બાયપાસ હાઈવે પર ઉપરોક્ત ટ્રક નં.(GJ 27 TG 9711)ને ઊભી રાખી તપાસ કરતાં બંધ બોડીની ટ્રકમાં 18 જેટલી ભેંસ ગેરકાયદે રીતે ખીચોખીચ રીતે ભરેલી મળી આવી હતી. જે ભેંસો મહારાષ્ટ્રના ધુલિયા માર્કેટમાં લઈ જવામાં આવતી હોવાનું જાણવા મળતાં પોલીસે કુલ ચાર આરોપી સામે ગુનો નોંધી ટ્રક ચાલક સહિત બે આરોપી આરીફખાન ઇસ્માઇલ ખાન પઠાણ (ઉં.વ.48) (રહે.,482, પઠાણવાસ, નાની મસ્જિદ પાસે, વાઘણા, તા.સિદ્ધપુર, જિ.પાટણ), અલ્ફાઝ અબ્દુલ વાઘેલા (ઉં.વ.23) (રહે.,મસ્જિદવાસ, અણદેજ, તા.સાણંદ, જિ.અમદાવાદ)ની ધરપકડ કરી હતી અને આરોપી નબીલ રસૂલ મુસ્તફા શેખ (રહે.,મલેકવાડ, આણંદ), ટ્રક માલિક શરીફ મજર હુસેન શેખ (રહે.,ઠાકોરવાસ, સતલાસણ, તા.સતલાસણ, જિ.મહેસાણા )ને વોન્ટેડ જાહેર કરી પોલીસે 18 ભેંસ અંદાજિત કિં.રૂ.3,60,000 સહિત ટ્રક જેની અંદાજિત કિં.રૂ.7,00,000 મળી કુલ રૂ.10,60,000નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદના અગ્રણી દામોદરદાસ ગાંધી હોસ્પિટલના ઉપપ્રમુખનું અવસાન



સુરતઃ કડોદના ભામાશા ગણાતા અને દામોદરદાસ ગાંધી હોસ્પિટલના ઉપપ્રમુખ, કડોદ હાઈસ્કૂલના ટ્રસ્ટી વૈષ્ણવ વણિક સમાજના ડો.મુકુંદરાય દામોદરદાસ ગાંધીનું અવસાન થયું હતું. મુંબઈ ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. કોઈપણ સેવાકીય પ્રવૃત્તિ હોય તેઓ હંમેશાં મદદ માટે તત્પર રહેતા હતા. દર વર્ષે લાખો રૂપિયાનું દાન ઉદાર હાથે આપતા હતા. તેમના અવસાનના સમાચાર જાણી પરિવારજનો, મિત્રવર્તુળ તથા સ્નેહીજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

### બારડોલીના બી.એ.બી.એસ. પ્રાથમિક વિભાગમાં શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો




બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ પ્રાથમિક વિભાગમાં ધોરણ 8ના વિદ્યાર્થીઓ માટે ભાવભીનુ શુભેચ્છા વિદાય સમારંભ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની આચાર્ય ચેતનાબેન જે. અધેરાના અધ્યક્ષસ્થાને ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગના આચાર્ય સુમનભાઈ મિસ્ત્રી, શાળાના સુપરવાઇઝર, શિક્ષકમંડળ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આચાર્ય ચેતનાબેન જે. અધેરાનું સુંદરકાંડ પુસ્તક અને બોલપેન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઇઝર જયેશભાઈ શાહે પણ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### સાયખા GIDCમાં પશુપાલકોના પ્રવેશબંધીના વિવાદિત બોર્ડ મુદ્દે આવેદન

ભરૂચ: વાગરા તાલુકામાં આવેલી સાયખા અને વિલાયત GIDCમાં પશુપાલકોના પ્રવેશ પર પ્રતિબંધ લાદતા બોર્ડ લગાવવામાં આવતાં વિવાદ સર્જાયો છે. આ મામલે આમ આદમી પાર્ટીના નેતા દીપક પટેલે વાગરા મામલતદારને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે કે આ વિસ્તારમાં કોઈપણ સત્તાવાર સરકારી મંજૂરી, સહી-સિક્કા કે ઓર્ડર નંબર વગરના બોર્ડ લગાવી દેવામાં આવ્યાં છે. આવેદનમાં આક્ષેપ કરાયો છે કે આ બોર્ડ દ્વારા પશુપાલકોને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને તેમાં લખેલી શરતો એકતરફી છે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં હજુ પણ અંદાજે 70% જેટલી જમીન ખેતી હેઠળ છે અને ત્યાં પશુઓ માટે કોઈ ચોક્કસ સુરક્ષા દીવાલ નથી, તેમ છતાં પશુ ચરાવવા પર પ્રતિબંધ મૂકવાના આદેશથી સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોની આજીવિકા પર અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે. દીપક પટેલે તંત્ર સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો છે કે કોના ઈશારે અને કયા નિયમ હેઠળ આવા પ્રતિબંધિત બોર્ડ લગાવવામાં આવ્યાં છે તેની તપાસ થવી જોઈએ.

### તાપી જિલ્લામાં વહેલી સવાર અને મોડી સાંજના ટ્યુશન ક્લાસિસ પર પ્રતિબંધ

વાલોડઃ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર.બોરડે તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે અને મોડી સાંજના ટ્યુશન ક્લાસિસને અનુલક્ષીને જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. જાહેરનામા મુજબ તાપી જિલ્લાના વિસ્તારમાં કોઇ પણ સ્થળોએ વહેલી સવારે 7 કલાક પહેલા તથા સાંજે 7 કલાક બાદ કોઇ પણ ટ્યુશન ક્લાસિસો ચાલુ રાખી શકાશે નહીં કે વિદ્યાર્થીઓને ટ્યુશન ક્લાસિસોમાં અભ્યાસ અર્થે બોલાવી શકાશે નહીં. ટ્યુશન ક્લાસીસોની આજુબાજુ 200 મીટર સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓ પણ એકત્રિત થઇ શકશે નહીં. જો આમ કરશે તો તેઓ વિરુદ્ધ પગલાં ભરવામાં આવશે. શાળા-કોલેજોના કંપાઉન્ડમાં 200 મીટર સુધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિ એકત્રિત થઇ શકશે નહીં. ટ્યુશન ક્લાસિસના સંચાલકોએ સરકારના નીતિનિયમો અનુસાર ટ્યુશન ક્લાસિસના સ્થળે કોઈ આકસ્મિક બનાવ બને તો તેવા સમયે વિદ્યાર્થીઓના જાન-માલને નુકસાન ન થાય તે માટે સેફ્ટીને લગતી જરૂરી સાધન-સામગ્રી ઉપલબ્ધ રાખવાના રહેશે. જેનો અમલ તા.26 મે-2026 સુધી કરવાનો રહેશે.


## જાહેર નોટીસ

અમો એડવોકેટ મનિષકુમાર પી.જોષી અંકલેશ્વરનાં તે અમારા અસીલ સંદીપ લાભુભાઈ ઝડફિયા હાલ રહે. ૧૧૧/૧૧૨, ગુરુનગર સોસાયટી, વરાછા રોડ,બરોડા પ્રેસ્ટીઝ સામે, સુરત સિટી, જી.સુરતનાં ઑની સુચના અને ફરમાઈશ અન્વયે આ નોટિસ આપી જણાવીએ છીએ કે

ડી ભરૂચ સબ ડી.તા.હાંસોટ,મોજે ગામ કઠોદરાની સીમમાં નીચે મુજબની જુ.શ.ની ખેતીની જમીન આવેલ છે.

| ખાતા નંબર | બ્લો/સર્વે નંબર. | ક્ષેત્રફળ હે.આ.ચો.મી. | આકાર ફા,પૈસા, |
|---|---|---|---|
| ૪૮૩ | નવો ૨૦૪ જુનો ૧૨૦ બ | ૦-૬૧-૦૨ | ૪.૩૫ |

ઉપરોક્ત ખેતીની જમીન મનહરભાઈ રણછોડભાઈના સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે, જે જમીન અમારા અસીલ જમીન માલિક પાસેથી ખરીદ કરનાર હોવાથી, સદર નોટીસથી જણાવવામાં આવે છે સદર જમીન ઉપર જમીન માલિક શિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, મંડળીઓ કે સંસ્થા કે કોઈના પણ કોઈ પણ પ્રકારના લાગ, ભાગ, હઠ, હીસ્સો, હીત સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને અથવા અમારા અસીલને કરવી. શદર મુદતમાં તે અંગેની જાણ કરવામાં નહી આવે તો કોઈના પણ સદર જમીનમાં કોઈ પણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, હીતે સંબંધ વિગેરે નથી, તેમ માની અથવા તેવા તમામ હકકો સ્વૈચ્છીક રીતે છોડી દીધેલ છે તેમ માની અમારા અસીલ સદર જમીનનો ૨૦, વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈ પણ પ્રકારની તર તકરાર ચાલશે નહી. જેની ખાસ નોંધ હોશો.

સ્થળઃ- અંકલેશ્વર
તા.૦૨/૦૪/૨૦૨૬

અસીલની સુચનાથી

મારી મારફતે
મનિષકુમાર પી. જોષી
(એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઇ.બી.ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ.ભરૂચ-૩૯૩૦૦૧ મો. નં. ૯૨૬૫૬૫૯૭૩૦